ઈડરની નેત્રામલી ગૃપ-ગ્રામ પંચાયતને નેશનલ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાઈ

નેત્રામલીઃ ઈડર તાલુકાની નેત્રામલી ગ્રુપ ગ્રામ પંચાયતને પંચાયતી રાજના દિવસે નેશનલ અવૉર્ડથી સન્માનિત થઈ, આ સન્માન સમારોહમા તાલુકા વિકાસ અધિકારી ડી. જી પટેલ, જિલ્લા સદસ્ય હેમાંશુભાઈ નિનામા ઈડર તાલુકા પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, તાલુકા ઉપપ્રમુખ કાંતિભાઈ પટેલ તાલુકા સદસ્ય, કિસાન સંઘના પ્રમુખ, માજી તકમંત્રી ઈકબાલભાઇ અને મોટી સંખ્યામા ગ્રામજનો હાજર રહેલ, એવોર્ડ સાથે રૂપિયા દસ લાખની રકમ ભારત સરકાર તરફથી વિકાસના કાર્યો કરવા પી.એફ.એમ.એસ સિસ્ટમ થી ખાતામા જમા આપ્યા હતા. ગામને નેશનલ અવૉર્ડ મળતા ગામમાં ઉત્સવ જેવું વાતાવરણ સર્જાયું હતું, ગામના સરપંચ નિલેશભાઈ અને તેમના ધર્મપત્ની પદમાબેન બંને એ છેલ્લા દસ વર્ષમાં કરેલા સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈ નેશનલ એવોર્ડ એનાયત થયો હતો.. આ તબક્કે ગામની દરેક સંસ્થાઓએ બંને સરપંચો સહીત તલાટી કમ મંત્રી પ્રકાશભાઈ અસારી અને માજી તલાટી કમ મંત્રી ઈકબાલભાઇ મનસુરીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ગામમાં આગામી વર્ષે ગામને સંપૂર્ણ હરિયાળુ બનાવવાનું તળાવ બ્યુટીફીકેશન કરવું તેમજ દરેક ઘર આગળ એક વૃક્ષ વાવવા કામગીરી કરવા નક્કી કરવામાં આવ્યું.

મેઘરજ ભિલોડામાં સ્વ. અનિલ જોષીયારાની જન્મ જયંતી નિમિત્તે ફૂટ વિતરણ કરાયું

કેવલ જોષીયારા દ્વારા કરાયેલ ફૂટ વિતરણમાં આગેવાનો જોડાયા

મેઘરજ ભિલોડાના ધારાસભ્ય સ્વ. ડૉ. અનિલભાઈ જોષીયારાના પુત્ર કેવલ જોષીયારા અને ભિલોડા- મેઘરજ કોંગ્રેસ આગેવાનો દ્વારા અનિલભાઈ જોષીયારાની જન્મ જયંતિ નિમિત્તે વિધાનસભા મતવિસ્તારમાં આવતી કોટેજ હોસ્પિટલ ભિલોડા, સિવિલ હોસ્પિટલ મેઘરજ અને જલારામ હોસ્પિટલ મેઘરજમાં દાખલ દર્દીઓના ખબર અંતર પૂછીને તમામ દર્દીઓને ફૂટ વિતરણ કરીને ધારાસભ્યને યાદ કરવામાં આવ્યા હતા.રવિવારના રોજ કેવલ જોષીયારા દ્વારા કરવામાં આવેલા ફૂટ વિતરણ કાર્યક્રમમાં બંને તાલુકામાંથી આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

પ્રાંતિજ દરજી વાસ સમાજ દ્વારા ચૈત્રી હવનનો કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તાર દરજીવાસ ખાતે દરવર્ષ ની જેમ ચૈત્રી હવન મહાપ્રસાદ સહિત ના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. પ્રાંતિજ દરજીવાસ સમાજ ના લોકો દ્વારા દરવર્ષ ની જેમ આ વર્ષેપણ ચૈત્રી હવનનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા હવનના યજમાન તરીકે સથવારા વિરલભાઈ રોહિત ભાઈ તથા પટેલ ચિન્દુ કુમાર વિષ્ણુભાઈ એ ધર્મ લાભ લીધો હતો તો હવનના આચાર્ય રાજુભાઈ પડયા પરેશભાઈ જોષી દ્વારા હવન પુજા અર્ચના કરવામા આવી હતી તો દરજીવાસ સમાજ ના લોકો સહિત દરેક સમાજ ના ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહીને હવનના દર્શન કરી મહાપ્રસાદ નો લાભ લઈ ને ધન્યતા અનુભવી હતી હવન કમીટી દ્વારા દરવર્ષ ની જેમ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

ધાનેરા પ્રાંત અધિકારીએ રોયેલ્ટી ભર્યા વગરના ખનીજ ચોરીના ત્રણ ડમ્પરો ઝડપ્યા..!

ધાનેરા માં રોયેલ્ટી ભર્યા વગરના બેફામ પણે રેતીના ડમ્પરો રાત દિવસ દોડી રહ્યા છે.આ ડમ્પર ચાલકો અમુક સમયે ધાનેરાની ગીચ બજારોમાંથી પણ બેફામપણે દોડતા હોય છે પરંતુ ખાણ અને ખનીજ વિભાગની મીલીભગતથી આ રેત માફીયાઓ સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,ત્યારે આજે બીન સચિવાલયની પરીક્ષાઓ હોવાથી પરીક્ષા કેન્દ્રો પર ધાનેરા નાયબ કલેકટરશ્રી દ્વારા નિરીક્ષણ માટે સ્કુલ કોલેજમાં જતા નવીન બનેલ ઓવરબ્રીજ પરથી ડીસા તરફથી આવતા ડમ્પરોને શંકાના આધારે અટકાવી તપાસ હાથ ધરતાં ત્રણે ડમ્પરો રોયલ્ટી ભર્યા વગર રેતીની હેરાફેરી કરતા હોવાનું જણાતા ત્રણે ડમ્પરો અને બમ્પર ચાલકોને ઝડપી પોલીસ સ્ટેશનમાં લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ત્રણ ડમ્પરો ધાનેરા નાયબ કલેકટરશ્રી દ્વારા ઝડપવામાં આવતા રેત માફીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

પ્રાંતિજના સદાના મુવાડા ખાતે જુગાર રમતા પાંચ જુગારીઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સદાના મુવાડા ગામે ખુલ્લી જગ્યા મા ગજીપાનાનો જુગાર રમતા પાંચ જુગારી ઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડી પાંચેય ઈસમો વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી. પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના સદાના મુવાડા વિસ્તાર બાજુ ખાનગી વાહનમા પેટ્રોલિંગ માં હતી અને પ્રાંતિજ ના સદાના મુવાડા ગામ પાસે પોહચતા બાતમી મળી કે સદાના મુવાડા ગામની સીમ મા લીમડા ના ઝાડ નીચે ખુલ્લી જગ્યામા કેટલાક માણસો હારજીત નો જુગાર રમે છે જેને લઈ ને પ્રાંતિજ પોલીસ દ્વારા એ જગ્યા ઉપર જતા પાંચેય ઈસમો પોલીસ ને જોતા ભાગવાજતા પ્રાંતિજ પોલીસે પાંચેય ઈસમો ને ઝડપી પાડયા હતા તો ગંજીપત્તા પાના તથા પકડાયેલા ઈસમો પાસેથી અંગજડતી માંથી મળેલ રકમ-૩૩,૧૮૦ તથા દાવ ની રકમ ૧૫૩૦ તથા મોબાઈલ નંગ-૪ જેની કિંમત-૧૦,૫૦૦ ગંજીપાના સહિત કુલ-૪૫,૨૧૦ ના મુદ્દામાલ સાથે રગુસિંહ દિપસિંહ રાઠોડ, લાલસંગ આદરસંગ રાઠોડ, કિસ્મતસંગ સોંકળસગ રાઠોડ, રાજુસિંહ જસવંતસિંહ મકવાણા, મેલસિંહ આદરસિંહ રાઠોડ તમામે-તમામ રહે સદાના મુવાડા તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા પાંચેય ઈસમો ની પ્રાંતિજ પોલીસ દ્વારા જુગાર ધારા કલમ-૧૨ મુજબ અટકાયત કરી ગુનોનોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ધો.૬, ૭ માં અભ્યાસ કરતા બાળકોને લખતાં-વાંચતાં નથી આવડતું

પોશીના તાલુકાની કાળીદેવી પ્રા.શાળામાં શિક્ષકો ભણાવવાના બદલે મોબાઈલમાં મશગુલ

ગ્રામજનોએ આવેદનપત્ર આપી પગલાં ભરવાની માંગ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

ગુણવત્તાયુક્ત પ્રા.શિક્ષણની

પ્રસંશા વચ્ચે પોશીના તાલુકાની કાળીદેવી પ્રા.શાળામાં ધો.૬, ૭માં અભ્યાસ કરતા બાળકોને લખતાંવાંચતાં નથી આવડતું. મોટાભાગના શિક્ષકો ભણાવવાના બદલે મોબાઈલમાં મશગુલ હોવાના આક્રોશ સાથે ગ્રામજનો-વાલીઓએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપી શિક્ષકો સામે પગલાં ભરવાની માંગ કરતાં પ્રા.શિક્ષણ આલમમાં હલચલ મચી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાની કાળીદેવી ગામના ગ્રામજનોના જણાવ્યા અનુસાર શાળામાં આવતા શિક્ષકો તેમનું કામ કરતા નથી તેથી હજુ પણ ધો.૬, ૭માં અભ્યાસ કરતા અનેક બાળકોને પોતાનું નામ લખતાં પણ આવડતું નથી અને ત્યાં વહીવટી છટકબારીઓ શોધી રહ્યા છે. બાળકોને શાળામાંથી શિષ્યવૃત્તિ અને અનાજનું ટોકન પણ મળતું ન હોવાના ગંભીર આરોપ શિક્ષકો પર લગાવ્યા છે. શાળામાં કોઈ જ વધારાની અભ્યાસક્રમની પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી. વર્ગના સમય દરમ્યાન શિક્ષકો પોતાના મોબાઈલ ફોનમાં સતત વ્યસ્ત રહે છે અને ગરીબ બાળકોને પોતાના વ્યસન કરવા માટે તમાકુ, વિવિધ તમાકુ લેવા માટે મોકલે છે જેથી શાળામાં કથળેલું શિક્ષણ અને શિક્ષકોની કામગીરી સામે તપાસ કરવાની માંગ કરી છે. જેથી આવા શિક્ષકો સામે પગલાં ભરવાની માંગ કરી છે.

ભણાવવાના બદલે શિક્ષકો ભેગા મળી વાતો કરતા હોવાના પણ આરોપ...

કેટલાક ગ્રામજનોએ આવેદનપત્ર દ્વારા આરોપ લગાવ્યો છે કે શિક્ષકો શાળામાં આવીને ભણાવવાના બદલે ભેગા બેસીને વાતો કરતા હોય છે અને આ અંગેની કેટલીક વિડીયો ક્લિપ ઉતારી શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીને મોકલવામાં આવી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૮ પાલિકામાં કરોડોની કિંમતનાં સફાઈનાં સાધનો ભંગારમાં ફેરવાયાં

સ્વચ્છતા મિશન અંતર્ગત ફળવાયેલા સાધનોની બેહાલી

હિંમતનગર, તા.૨૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૮ નગરપાલિકાઓમાં છેલ્લા ૯ વર્ષમાં સફાઈ માટે કરોડોની કિંમતનાં સાધનો ફળવાયાં છે પરંતુ યોગ્ય ઉપયોગના અભાવે સાધનો ભંગારમાં ફેરવાઈ રહ્યાં છે. પાલિકા વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરો એકત્ર કરવા તેમજ રોડ સફાઈની મશીનરીઓનો ઉપયોગ થતો ન હોવાથી સ્વચ્છતા અભિયાનને ધક્કો વાગ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં સ્વચ્છતાને અગ્રતા આપવા તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશનને સફળતા મળે તે માટે જિલ્લાની ૮ પાલિકાઓને આધુનિક સાફ સફાઈનાં સાધનો ફાળવવામાં આવ્યાં હતાં. શરૂઆતમાં નવાં ફળવાયેલાં સાધનોથી કામગીરી થતાં સ્વચ્છતા અભિયાન પાલિકા વિસ્તારોમાં સફળ રહ્યું પરંતુ ત્યાર પછી સાધનોની યોગ્ય દરકાર કે ઉપયોગ ન થતાં કરોડોની કિંમતનાં સાધનો ભંગારમાં ફેરવાઈ રહ્યાં છે. જિલ્લાના મોડાસા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, બાયડ અને વડાલી પાલિકાઓમાં યોગ્ય ટેકનિકલ સ્ટાફના અભાવે મશીનરીના સંચાલનથી અજાણ એવા કર્મચારીઓને સફાઈની કામગીરી સોંપી દેવાતાં તેના આડેધડ ઉપયોગથી મોટાભાગના સાધનો નકામા બની ગયા છે. જ્યારે પાલિકાના ચીફ ઓફીસરો પણ સાધનો બિનઉપયોગી થઈ ભંગારમાં ફેરવાતાં હોવા છતાં સફાઈ મશીનરીના સમારકામ બાબતે ઉદાસીન બની જતાં કરોડોનાં સાધનો આગામી સમયમાં કોડીના બની જાય તેવી દહેશત છે. સરકારે સ્વચ્છતા મિશન અંતર્ગત શહેરી વિસ્તારો સ્વચ્છ અને સુદ્રઢ રહે તે માટે સાધનો તો ફાળવ્યાં પરંતુ પાલિકાના સત્તાધિશોએ પણ તેના યોગ્ય ઉપયોગ બાબતે ધ્યાન ન આપતાં સ્વચ્છતા મિશનનો ફિયાસ્કો થયો છે.

અલ્પેશ ઠાકોરનો હુંકાર....

'ગુજરાતની ગાદી કોઈના બાપની જાગીર નથી' : સ્નેહ સંદેશ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા..!! પ્રેશર પોલીટીક્સની ચર્ચા

મોડાસા, તા. ૨૫

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા સમગ્ર ગુજરાતમાં કાઢવામાં આવેલી સ્નેહ સંવાદ યાત્રા લઈ અલ્પેશ ઠાકોર આજે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ગામોમાં પહોંચ્યા હતા જ્યા લોકોએ અલ્પેશ ઠાકોરનું સ્વાગત કર્યું હતું .ત્યારે અલ્પેશ ઠાકોરે યાત્રામાં સમાજના લોકોને વ્યસન થી દૂર રહેવા જણાવ્યું હતું .વિધાનસભાની ચૂંટણીઓના ભણકારા વાગી રહ્યા છે ત્યારે દરેક સમાજ સક્રિય થયા છે સંમેલનો યોજી ટિકિટ માટે દાવેદાર હોવાની રાજકીય પક્ષોને સંદેશ આપી રહ્યા છે ત્યારે અલ્પેશ ઠાકોરની સ્નેહ સંદેશ યાત્રા ભાજપ પર પ્રેશર પોલીટીક્સ અપનાવવા યોજી હોવાનું રાજકીય ચર્ચાએ જોર પકડ્યું છે.

આગામી વિધાનસભાની આવનાર ચૂંટણી પહેલા તમામ રાજકીય પક્ષોએ મતદારોને રીઝવવાના પ્રયાસો અત્યારથીજ તેજ કર્યા છે ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા પણ હાલ સમગ્ર રાજ્યમાં સ્નેહ સંવાદ યાત્રા કાઢવામાં આવી છે આ યાત્રા લઈ ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ પ્રમુખ અલ્પેશ ઠાકોર આજે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના છાપરીયા ગામે પહોંચ્યા હતા જ્યા

તેઓનું ગ્રામજનો દ્વારા સ્વાગત કરાયું હતું

ત્યારે આ યાત્રા અંતર્ગત બોલતા અલ્પેશ ઠાકોરની નારાજગી જોવા મળી હતી આ કાર્યક્રમમાં બોલતા તેમને જણાવ્યું હતું કે 'ગુજરાતની ગાદી કોઈના બાપની જાગીર નથી' જ્યારે હાર્દિક મામલે જણાવ્યું હતું કે 'હાર્દિકની નારાજગીએ એમનો આંતરિક મામલો છે 'અહીં અલ્પેશને લાલચુ,મહત્વાકાંક્ષી ખોટો સાબિત કરવાનો પ્રયત્ન થયો છે 'મારી પણ અવગણના થઈ ત્યારે કોઈએ કેમ ન પૂછ્યું' આગામી વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણી લડવા અંગે પણ નિવેદન આપતા જણાવ્યું હતું કે 'ટિકિટ અંગે પાર્ટી નક્કી કરશે' પણ રાજનીતિ દમખમથી કરીશું નરેશ પટેલ મામલે જણાવ્યું કે નરેશભાઈ મારા મિત્ર છે તેમનું રાજનીતિમાં સ્વાગત છે.

આ સંવાદ યાત્રામાં અલ્પેશ ઠાકોર સાથે પાસ કન્વીનર વરુણ પટેલ પણ જોડાયા હતા તેઓએ આ યાત્રામાં હાર્દિક પટેલ અને નરેશ પટેલ મામલે બોલતા જણાવ્યું હતું કે હાર્દિક પટેલનું ભાજપમાં સ્વાગત કરું છું જ્યારે નરેશભાઈ પટેલનું રાજનીતિમાં સ્વાગત છે' નરેશભાઈ કિનારા ઉપર રહી બોલવા કરતા એકવાર રાજનીતિના દરિયામાં નાવા પડે ડૂબકી મારે આ કાર્યક્રમમાં બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ જાલા, અરવલ્લી જિલ્લા ઠાકોર સેના પ્રમુખ સંજયજી ઠાકોર સહીત મોટી સંખ્યમાં કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા

ગાંધીનગર ખાતે ગુજરાત કક્ષાનો અસાઈત મિલન સમારોહ યોજાયો

મારો સમાજ મારૂ ગૌરવને ચરિતાર્થ કરવાનો દ્રઠ નિર્ધાર

સરડોઈ, તા.૨૫

ગાંધીનગરના લવારપુરની હોટેલ ખાતે રવિવારે અસાઈત નાયક સમાજ યુવા સંગઠન અને શ્રી નવસંસ્કરણ નાયક વિકાસ મંડળ આયોજિત ગુજરાત કક્ષાનો મિલન સમારોહ યોજાઈ

ગયો.જેમાં મોટી સંખ્યામાં નાયક,ભોજક અને વ્યાસ સમાજના વિવિધ સંગઠનના હોદેદારો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી મુજબ ભવાઈના આદ્ય પુરુષ અસાઈત ઠાકરે સમાજમાં મનોરંજનના સાધનો ન હતા તે સમયે અંધશ્રદ્ધા અને કુરીવાજો સામે લોકજાગૃતિ લાવવા માટે ઉર્દ ભવાઈ વેશની રચના કરી હતી.નાયક,ભોજક અને વ્યાસ સમાજના તેમના વારસદારો આજે પણ ગામડે ગામડે ભવાઈ દ્વારા આ પરંપરા જાળવી રહ્યા છે પણ આ સમાજ અલગ અલગ વિખરાયેલો હોવાથી તમામ ને વર્તમાન પ્રવાહમાં એક મંચ ઉપર લાવવા મિલન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું.અસાઈત નાયક સમાજ યુવા સંગઠન પ્રમુખ ડો.અતુલ ભાઈ નાયક,શ્રી નવસંસ્કરણ નાયક વિકાસ મંડળના પ્રમુખ ડો.જગદીશ ભાઈ નાયક અને ડો.અશ્વિન ભાઈ નાયક દ્વારા સમાજના સામાજિક,આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે જુદા જુદા મંડળોને મારો સમાજ મારૂ ગૌરવના લક્ષ સાથે અરસપરસ એકતા લાવવાના આશયે ગાંધીનગર ના લવારપૂરની હોટેલ બ્લ્યુ રોક ખાતે અસાઈત પરિવાર મિલન સમારોહનું ઐતિહાસિક આયોજન કરવામાં આવતાં સાબરકાંઠા,અરવલ્લી, મહેસાણા,બનાસકાંઠા, રાજકોટ,મોરબી અને કચ્છ સહિતના વિસ્તારોમાંથી નાયક,ભોજક અને વ્યાસ સમાજના વિકાસ માટે કાર્યરત સંગઠન પ્રમુખ અને પ્રતિનિધિઓ એ ઉપસ્થિત રહી પોતાના વિચારો રજૂ કર્યા હતા.૭૦૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત એકજ વિચાર ધારા સાથે અસાઈત ઠાકરના વંશજોએ એક સ્થળે હાજર રહી આગામી સમયમાં સમાજના સર્વાંગી વિકાસ માટે સમગ્ર ગુજરાત કક્ષાએ મજબૂત સંગઠન રચવા ઉપર ભાર મૂક્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો.સોહમ નાયક અને કમલ ભાઈ નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.

અરવલ્લી : માલપુરમાં તસ્કરો ત્રાટક્યા, લોખંડની દુકાનમાં હાથ સાફ કર્યા, સ્થાનિક પોલિસ નિંદ્રાધિન!

મોડાસા,તા.૨૫

અરવલ્લી જિલ્લામાં તસ્કરો બેફામ બન્યા હોય તેવું લાગે છે. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો બાદ હવે માલપુર પંથકમાં તસ્કરોનો તરખાટ જોવા મળી રહ્યો છે. માલપુરમાં તસ્કરોએ લોખંડની દુકાનને નિશાન બનાવી લોખંડના માલ-સામાનની ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ રાત્રીના સમયે માલપુર પોલિસ સ્ટેશનથી થોડાક અંતરે આ ચોરીની ઘટના ઘટી છે ત્યારે સ્થાનિક પોલિસ શું કરે છે તે એક સવાલ છે. મળતી માહિતી મુજબ માલપુર ગોધરા સ્ટેટ હાઈવે પર લોખંડની દુકાનમાં ચોરીની ઘટના ઘટી ઘટી છે, જ્યાં તસ્કરો ત્રાટ્ક્યા અને લોખંડની એંગલો અને ચેનલની ચોરી થવા પામી છે. માલપુર પોલિસ સ્ટેશનથી થોડાક અંતરે આ ચોરીની ઘટના ઘટતા પોલિસની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે. લાખો રૂપિયાના મુદ્દામાલની ચોરી થતાં હવે પોલિસ તસ્કરો સુધી કેવી રીતે પહોંચશે તે જોવું રહ્યું.



પ્રાંતિજ નાની ભાગોળ જુના આરામગૃહ કમ્પાઉન્ડમાં આવેલ લીમડાના ઝાડમા આગલાગી હતી જયારે કોઈ વૃક્ષપ્રેમી દ્વારા પ્રાંતિજ ફાયર વિભાગની ટીમને જાણ કરતા તાત્કાલિક ફાયર ટીમ ઘટના સ્થળે દોડી આવીને લીમડા ઝાડમાં લાગેલ આગ હોલવી હતી.

પાલનપુરની સેવાભાવી સંસ્થા દ્વારા હરિદ્વારમાં નિઃશુલ્ક ભાગવત ગીતાનું વિતરણ કરાયું

હરકી પોડી ખાતે બિન વારસી મૃતકોની અસ્થિઓનું વિસર્જન કરાયું : ઉત્તર ગુજરાતના દરેક સ્મશાન ગૃહ ખાતે વિના મૂલ્યે ભાગવત ગીતા પહોંચાડવાનું લક્ષ

પાલનપુર તા. ૨૫

પાલનપુરની એક સેવાભાવી સંસ્થા દ્વારા ભાગવત ગીતાનો જન જન સુધી પ્રસાર કરવાનું અભિયાન ચલાવવા માં આવી રહ્યું છે. જેમાં પાલનપુરના અંતિમધામ ખાતે મૃતકોના પરીવાર જનોને ભાગવત ગીતાનું વિના મૂલ્યે વિતરણ શરૂ કરાયું છે અને હિન્દૂ ધર્મના ગીતાનો પ્રચાર પ્રસાર થાય તે માટે પવિત્ર યાત્રાધામ હરિદ્વાર ખાતે હર કી પોડી ખાતે પણ લોકોને વિના મુલ્યે ભાગવત કથાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પાલનપુર સહિત બનાસકાંઠા જિલ્લા માં વિવિધ સેવાકીય અને ધાર્મિક પ્રવૃતિઓ ચલાવતા પ્રજ્ઞાચક્ષુ ફાઉન્ડેશન ટ્રસ્ટ નામની સેવાભાવી સંસ્થાના પ્રમુખ કમલેશભાઈ શાહ,હીરાભાઈ પઢીયાર સહિતના સેવાભાવી લોકો દ્વારા જન જન સુધી ભાગવત ગીતાનું જ્ઞાન પહોંચાડવા વિના મૂલ્યે ભાગવત ગીતાનું નિઃશુલ્ક વિતરણ કરાઈ રહ્યું છે જેમાં ગત પવિત્ર શ્રાવણ માસમાં ૫૦૦૦ ગીતાના વિતરણ બાદ પાલનપુરના અંતિમધામ ખાતે મૃતકો ના પરીવાર જનોને ભાગવત ગીતાનું વિતરણ શરૂ કરાયા બાદ હિન્દૂ ધર્મના પવિત્ર યાત્રાધામ હરિદ્વારમાં ગગાં ઘાટ પર આવેલ હર કી પોડી ખાતે પંડિત, ભૂદેવો સહિતના લોકોને ૫૦૦ ભાગવત ગીતાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતુ.



છેલ્લા દશ વર્ષમાં ૬૦૦ મૃતકોની અસ્થિનું વિસર્જન કરાયું

પાલનપુરના પ્રજ્ઞાચક્ષુ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ કમલેશભાઈ શાહે જણાવ્યું હતું કે અમારી સંસ્થા દ્વારા છેલ્લા દશ વર્ષથી અજાણ્યા મૃતકોની અસ્થિનું ગગાં નદી માં વિસર્જન કરવામાં આવી રહ્યું છે જેમાં અત્યાર સુધીમાં અજાણ્યા તેંમજ કોરોના મૃતક મળી ૬૦૦ જેટલા મૃતકોનું હરિદ્વાર ખાતે ગંગા નદીમાં શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ વિસર્જન કરવામાં આવ્યું છે.

તેમજ અને બે અજાણ્યા મૃતકોના મોક્ષ માટે તેમની અસ્થિનું ગગાંઘાટ પર ભુદેવના મુખાર વિદે શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ ગંગાજીના પવિત્ર જળમાં વિસર્જન કરવામાં આવ્યું હતું જોકે ગગાંજીમાં મૃતકની અસ્થિનું વિસર્જન કરવથી મૃતાત્માને મોક્ષ મળતો હોય આ સેવાભાવિ સંસ્થા દ્વારા છેલ્લા દશ વર્ષમાં ૬૦૦ જેટલા અજાણ્યા અને કોરોના મૃતકો ની અસ્થિનું ગગાંમાં વિસર્જન કરવામાં આવ્યુ છે.